
# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઇઝ કો. ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ.

બ્લોક નં. ૬, બીજો માળ, સચિવાલય સંકુલ, ગાંધીનગર
ફોન નં. ૦૭૯-૨૩૨૫૨૯૫૪, ૨૩૨૫૧૪૯૬
Email : sncs1982@gmail.com I Website : https://www.sncsgujarat.org

## ૪૫મો વાર્ષિક અહેવાલ તથા હિસાબો

## સને ૨૦૨૫-૨૦૨૬

ઓડીટ વર્ગ “અ” (સૂચિત)



# વ્યવસ્થાપક મંડળ : ૨૦૨૫-૨૦૨૬



શ્રી જયદિપસિંહ આઇ. ગોહિલ
પ્રમુખ



શ્રી હિતેજ્ઞ જે. પટેલ
ઉપપ્રમુખ



શ્રી દિલીપકુમાર વી. દેસાઇ
માનદમંત્રી



શ્રી ધ્રુવરાજસિંહ ડી. જાડેજા
સહમંત્રી



શ્રી સંદિપકુમાર બી. બરંડા
ચેરમેન લોન સમિતિ



સુશ્રી નમ્રતા પી. જાસોલિયા
ચેરમેન ખરીદ સમિતિ



શ્રી વિરેન કે. દેસાઇ
ચેરમેન આઇ.ટી.સમિતિ



સુશ્રી અરૂણાબેન આઇ. પટેલ
ડીરેક્ટર



સુશ્રી શ્રુતિબેન પી. પટેલ
ડીરેક્ટર



શ્રી દર્શિત જે. જાડાવાલા
ડીરેક્ટર



સુશ્રી મમતા વી. શાહ
ડીરેક્ટર



શ્રી મેહુલકુમાર આર. ભટ્ટ
ડીરેક્ટર



શ્રી વિશ્વજીતસિંહ જી. ચૌહાણ
ડીરેક્ટર



સુશ્રી ખુશ્બુ ડી. પટેલ
ડીરેક્ટર



શ્રી નાગરભાઇ એમ. વાણીયા
ડીરેક્ટર



શ્રી ધર્મેન્દ્રસિંહ એમ. વાઘેલા
મેનેજર

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ., ગાંધીનગર

## વ્યવસ્થાપક મંડળ

| અ.નં. | નામ | હોદ્દો | વિભાગ | ફોન નંબર |
|---|---|---|---|---|
| ૧ | શ્રી જયદિપસિંહ આઇ. ગોહિલ | પ્રમુખ | નાણાં વિભાગ | ૫૪૭૩૧ |
| ૨ | શ્રી હિતેશ જે. પટેલ | ઉપપ્રમુખ | ગુજરાત વિધાનસભા સચિવાલય | ૫૩૦૯૭ |
| ૩ | શ્રી દિલીપકુમાર વી. દેસાઇ | માનદમંત્રી | આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ | ૫૪૬૫૧ |
| ૪ | શ્રી ધ્રુવરાજસિંહ ડી. જાડેજા | સહમંત્રી | મહેસૂલ વિભાગ | ૫૧૫૫૭ |
| ૫ | શ્રી સંદિપકુમાર બી. બરંડા | ચેરમેન લોન સમિતિ | નાણાં વિભાગ | ૫૪૫૧૯ |
| ૬ | સુશ્રી નમ્રતા પી. જાસોલિયા | ચેરમેન ખરીદ સમિતિ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૫૦૮૪૯ |
| ૭ | શ્રી વિરેન કે. દેસાઇ | ચેરમેન આઇ.ટી. સમિતિ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૫૦૭૩૬ |
| ૮ | સુશ્રી અરૂણાબેન આઇ. પટેલ | ડીરેક્ટર | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૫૨૪૮૯ |
| ૯ | સુશ્રી શ્રુતિબહેન પી. પટેલ | ડીરેક્ટર | સામાન્ય વહીવટ વિભાગ | ૫૦૩૬૯ |
| ૧૦ | શ્રી દર્શિત જે. જાડાવાલા | ડીરેક્ટર | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૫૪૬૫૧ |
| ૧૧ | સુશ્રી મમતા વી. શાહ | ડીરેક્ટર | ગુજરાત જાહેર સેવા આયોગ | ૫૮૯૯૦ |
| ૧૨ | શ્રી મેહુલકુમાર આર. ભટ્ટ | ડીરેક્ટર | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૫૦૭૫૩ |
| ૧૩ | શ્રી વિશ્વજીતસિંહ જી. ચૌહાણ | ડીરેક્ટર | નર્મદા જળસંપત્તિ પા.પુ. અને ક. વિ. | ૫૧૭૭૯ |
| ૧૪ | સુશ્રી ખુશ્બુ ડી. પટેલ | ડીરેક્ટર | નર્મદા જળસંપત્તિ પા.પુ. અને ક. વિ. | ૫૧૭૯૭ |
| ૧૫ | શ્રી નાગરભાઇ એમ. વાણીયા | ડીરેક્ટર | સામાન્ય વહીવટ વિભાગ | ૫૦૩૮૦ |

## કર્મચારીગણ

| અ.નં. | નામ | હોદ્દો | ફોન નંબર |
|---|---|---|---|
| ૧ | શ્રી ધર્મેન્દ્રસિંહ એમ. વાઘેલા | મેનેજર | ૫૧૪૯૬ |
| ૨ | શ્રી વિષ્ણુ એચ. પ્રજાપતિ | ક્લાર્ક | ૫૨૯૫૪ |
| ૩ | શ્રી સંજય એન. જાની | ક્લાર્ક | ૫૨૯૫૪ |
| ૪ | શ્રી પરેશ એ. દવે | પટાવાળા | ૫૨૯૫૪ |

**ઓડીટર્સ**
**શ્રી બી.કે.ચાવડા એન્ડ કંપની**
૭, બીજો માળ, સુમન ટાવર, સેકટર -૧૧,
ગાંધીનગર (મો) ૯૦૩૩૦૬૪૦૫૪

**બેંકર્સ**
**૧.ધી અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક લિ.**
પાટનગર શાખા,ગાંધીનગર. ફોન:૨૩૨૨૨૩૧૯
**૨.સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા**
સચિવાલય સંકુલ, ગાંધીનગર. ફોન-૨૩૨૨૧૪૪૫

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ., ગાંધીનગર

## વાર્ષિક સાધારણ સભા અંગેની નોટીસ

આથી સર્વે સભાસદોને જણાવવામાં આવે છે કે આપણી સોસાયટીની ૪૫મી વાર્ષિક સાધારણ સભા **તા. ૦૨/૦૬/૨૦૨૬ ને મંગળવારના રોજ સાંજે ૬:૧૫ કલાકે, ટાઉન હોલ, સેક્ટર - ૧૭ ગાંધીનગર ખાતે મળશે**. કોરમના અભાવે મુલતવી રહેલ સાધારણ સભા સોસાયટીના પેટા નિયમ-૩૧ ની જોગવાઇ પ્રમાણે અડધા કલાક પછી તે જ દિવસે અને તે જ સ્થળે મળશે અને નીચે દર્શાવેલ કાર્યસુચિ પ્રમાણે કામકાજ હાથ ધરશે.

(૧) સોસાયટીના સ્વર્ગીય સભાસદ (૧) સ્વ. રીતા સી.જાડેજા (૩૭૬૬) ક્લામેન્ટ ચેન્જ વિભાગને શોકાંજલી આપવા બાબત.

(૨) મંડળીના પેટા નિયમ પરિશિષ્ટ-'બ' ની જોગવાઇ મુજબ તા. ૦૧/૦૬/૨૦૨૬ ના રોજ યોજાનાર વ્યવસ્થાપક મંડળના સભ્યોની ચૂંટણીના પરીણામની જાહેરાત બાબત.

(૩) ગત તારીખ ૧૧-૦૬-૨૦૨૫ને બુધવારના રોજ મળેલ સાધારણ સભાની કાર્યવાહી નોંધ મંજુર રાખવા અંગે.

(૪) (અ) નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ના વાર્ષિક અહેવાલ તથા વાર્ષિક હિસાબો મંજુર રાખવા અંગે.

(બ) માર્ચ-૨૦૨૬ અંતિત ચોખ્ખા નફાની ફાળવણી અંગે વ્યવસ્થાપક મંડળે કરેલ ભલામણ મંજુર કરવા અંગે.

(૫) વર્ષ ૨૦૨૬-૨૦૨૭ નું મહેસુલી અંદાજપત્ર મંજૂર કરવા અંગે. પાના નં. ૬

(૬) સોસાયટીના પેટાનિયમોમાં સુચવેલ પાના નં.૧૪ પરના સુધારાઓને મંજૂરી આપવા બાબત.

(૭) સંસ્થાના સભાસદોને વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માં સહકારી કાયદાની મર્યાદામાં ભેટ આપવા મંજૂરી આપવા અંગે.

(૮) સને ૨૦૨૫-૨૦૨૬ના વર્ષના મંડળીના આંતરિક હિસાબો તપાસવા વ્યવસ્થાપક મંડળે કરેલ ઓડીટરની નિમણૂંકને બહાલી આપવા અને આગામી વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટે આંતરિક ઓડીટરની નિમણૂંક કરવાની વ્યવસ્થાપક મંડળને સત્તા આપવા અંગે.

(૯) વર્ષ દરમ્યાન સોસાયટીની વસુલાત માટે વિવિધ વિભાગો/કચેરીઓના રોકડશાખાના અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ તથા કેશીયરશ્રીઓનો સોસાયટીને મળેલ સહકાર બદલ આભાર વ્યક્ત કરવા બાબત.

(૧૦) પ્રમુખશ્રીની અનુમતિથી રજુ થતા અન્ય પ્રશ્નો/રજૂઆતો અંગે.

તારીખ : ૨૨/૦૪/૨૦૨૬ — વ્યવસ્થાપક મંડળ વતી,

સ્થળ : ગાંધીનગર — **જયદિપસિંહ આઈ. ગોહિલ**

પ્રમુખ

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઇઝ કો.ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ., ગાંધીનગર

## પ્રમુખ સ્થાનેથી

**માનવંતા સભાસદ મિત્રો,**

આપણી સંસ્થાની ૪૫મી વાર્ષિક સાધારણ સભામાં આપ સર્વેને હૃદયપૂર્વક આવકાર છું. સંસ્થાના વ્યવસ્થાપક મંડળ દ્વારા સને ૨૦૨૫-૨૦૨૬ના મંજુર થયેલ વાર્ષિક હિસાબો તથા આંતરિક અન્વેષણ અહેવાલ આપની સમક્ષ રજુ કરતાં હર્ષ અને ગૌરવની લાગણી અનુભવુ છું. સર્વે સભાસદ મિત્રો, વ્યવસ્થાપક સમિતિના મારા સાથી મિત્રો અને થાપણદાર મિત્રોના સાથ સહકાર તેમજ કર્મચારી મિત્રોની કર્તવ્યનિષ્ઠાથી સંસ્થા અવિરત પ્રગતિ કરી રહી છે. પ્રગતિની વિગતો વ્યવસ્થાપક મંડળના અહેવાલમાં મારા સાથી મિત્ર અને સંસ્થાના **માનદમંત્રીશ્રી દિલીપકુમાર વી. દેસાઇ** દ્વારા વિગતવાર દર્શાવેલ છે, તેથી પુનરાવર્તન ન કરતાં કેટલીક મહત્વની બાબતો તરફ આપનું ધ્યાન દોરુ છું.

સને ૨૦૨૫-૨૬માં સંસ્થાના વ્યવસ્થાપક મંડળ દ્વારા સભાસદોના હીતમાં મુખ્યત્વે નીચે મુજબના અગત્યના નિર્ણયો લેવામાં આવેલ છે.

૧. સભાસદોના હિતમાં વ્યવસ્થાપક મંડળ દ્વારા સભાસદોને આપવામાં આવતા મહત્તમ ધિરાણની મર્યાદા રૂા. ૮,૦૦,૦૦૦.૦૦ થી વધારી શકાય તે માટે પેટા કાયદામાં સુધારો કરવાની દરખાસ્ત સૂચવેલ છે.

૨. આપણી સંસ્થાની વેબસાઇટ સંપૂર્ણપણે કાર્યરત થઇ ગયેલ હોઇ હવે સભાસદો સંસ્થાની તેમજ તેમની વ્યક્તીગત માહિતિ વેબસાઇટ પર લોગીન કરીને મેળવી શકે છે.

૩. ૨૦૨૫-૨૬ના વર્ષ દરમ્યાન અવસાન પામેલ ૩ સભાસદોના વારસદારને રૂા. ૩૦ લાખની સહાય સંસ્થા તથા સભાસદો દ્વારા કરવામાં આવેલ છે. નિવૃત્ત સભાસદોને નિવૃત્તિ સહાય પેટે રૂા.૯,૦૦,૦૦૦/- ચુકવવામાં આવેલ છે.

૪. સંસ્થાની એડીસી બેંકની ફીક્સ ડીપોઝટ જે ગતવર્ષના અંતે રૂા. ૨,૦૫,૦૦,૦૦૦/- હતી. તે ચાલુ વર્ષના અંત સુધીમાં ૬,૩૭,૧૪,૯૬૮/- ની થયેલ છે જે થાપણદારોનો સંસ્થા પ્રત્યેનો અતૂટ વિશ્વાસ દર્શાવે છે.

**નફો :-**

નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬માં સંસ્થાએ રૂા.૮૭,૩૧,૯૦૮.૭૪ નો અત્યાર સુધીનો સર્વશ્રેષ્ઠ નફો કરવાની સિધ્ધિ હાસલ કરેલ છે તે આપણા સર્વે તથા સંસ્થા માટે ગૌરવ લઇ શકાય તેવી બાબત છે.

**થ્રિફ્ટ ફંડ વ્યાજ અને શેર ડિવિડન્ડઃ-**

સંસ્થાની અવિરત પ્રગતિ અને વિકાસના પરિપાક રૂપે વર્ષ ૨૦૨૫-૨૦૨૬માં થ્રિફ્ટ ફંડ ઉપર ૮.૫% વ્યાજ તથા શેર ઉપર ૧૨.૫% પ્રમાણે ડિવિડન્ડ ચુકવવાની ભલામણ કરવામાં આવી છે.

**કેશ ક્રેડિટઃ-**

અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક દ્વારા મંજુર થયેલ કેશ ક્રેડિટની મર્યાદા રૂા.૪ કરોડ ની મંજૂર કરવામાં આવી છે. જે માટે અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંકના ચેરમેનશ્રી અજયભાઇ પટેલ, અધિકારીશ્રી કિરીટભાઇ ઠાકર તથા બેંક ઇન્સ્પેક્ટરશ્રી મનિષભાઇ દલવાડી નો હૃદયપૂર્વક આભાર માનું છું

**સભાસદ કલ્યાણ ફંડઃ-**

સંસ્થાના સભાસદ તથા કર્મચારીના અવસાનના કીસ્સામાં રૂા.૧૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ લાખ) પૂરા ની સહાય જેમાં સંસ્થા દ્વારા રૂા.૩,૦૦,૦૦૦/- તથા રૂા.૭,૦૦,૦૦૦/- સંસ્થાના સભાસદો પાસે ફાળો ઉઘરાવીને આપવામાં આવે છે. સંસ્થાના સભાસદોને ભવિષ્યમાં નિવૃત્તિ પેટે ચૂકવવાના ખર્ચને પહોંચી વળવા માટે સને ૨૦૨૫-૨૦૨૬ના નાણાંકીય વર્ષમાં સભાસદ કલ્યાણ ફંડમાં રૂા. ૩૭,૩૮,૯૫૩/- જેટલી માતબર રકમની ફાળવણી સૂચવેલ છે.

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ., ગાંધીનગર

**ભોજન વ્યવસ્થાઃ-**

આથી સર્વે સભાસદ મિત્રોને જણાવતાં હર્ષની લાગણી અનુભવુ છું કે, આપણી આગામી **તા. ૦૨/૦૬/૨૦૨૬ ને મંગળવારના રોજ સાંજે ૬:૧૫ કલાકે, ટાઉન હોલ, સેક્ટર - ૧૭ ગાંધીનગર ખાતે યોજનાર** સાધારણ સભામાં ભોજનની વ્યવસ્થા સાંજે ૭.૩૦ કલાકે રાખેલ છે. ભોજન વ્યવસ્થામાં અવ્યવસ્થા કે અસુવિધા ઉપસ્થિત થાય નહી તે માટે **દરેક સભાસદે પોતાના આઈ-કાર્ડ સાથે સાધારણ સભામાં હાજર રહેવા વિનંતી છે.** વધુમાં **ભોજન વ્યવસ્થા ફક્ત સભાસદ પૂરતી સિમિત રાખેલ છે** જેની નોંધ લેવા વિનંતી છે.

**સભાસદ ભેટ અંગેઃ-**

સાધારણ સભાની અનુમતિથી દર વર્ષે સભાસદોને રૂા.૧૦૦૦/-ની મર્યાદામાં ભેટ આપવામાં આવે છે. તેમાં ગત વર્ષે રૂા.૨૫૦/- નો વધારો કરી રૂા.૧૨૫૦/- ની મર્યાદામાં સભાસદોને ભેટ આપવામાં આવી હતી.

સમગ્ર વર્ષ દરમ્યાન સતત કાર્યદક્ષતા અને ઉત્સાહ દાખવી રોજ-બરોજની કામગીરીમાં સક્રિય રસ લેનારા મારા સાથી મિત્ર અને **માનદમંત્રીશ્રી દિલીપકુમાર વી.દેસાઈ** તેમજ સમગ્ર વર્ષ દરમ્યાન નિરંતર સાથ સહકાર અને માર્ગદર્શન પુરુ પાડવા બદલ મારા તમામ સાથી હોદ્દેદાર મિત્રો અને વ્યવસ્થાપક સમિતિના તમામ સભ્યશ્રીઓ, ભૂતપૂર્વ હોદ્દેદાર મિત્રો, એસોશિએશનના હોદ્દેદાર મિત્રો, સંસ્થાના મેનેજર અને કર્મચારીગણ, સંસ્થાના આંતરિક ઓડિટરશ્રી બી.કે.ચાવડા, મદદનીશ જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સ્ટેટ બેંકના મેનેજરશ્રી તથા કર્મચારી મિત્રો તેમજ ધી અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંકના અધિકારીશ્રી ઠાકર સાહેબ, બેંક ઈન્સ્પેક્ટરશ્રી મનિષભાઈ દલવાડી, મેનેજરશ્રી તેમજ સર્વે કર્મચારીગણ, જિલ્લા સહકારી સંઘના ચેરમેનશ્રી કોદરભાઈ પટેલ, સંસ્થાના પ્રોગ્રામરશ્રી સુનિલભાઈ શુકલ, તેમજ વર્ષ દરમ્યાન સોસાયટીની વસુલાત નિયત સમયમર્યાદામાં કરવા બદલ તમામ વિભાગની રોકડશાખાના કર્મચારીઓ, કેશિયરશ્રીઓ અને અધિકારીશ્રીઓ તરફથી મળેલ સહયોગ અને સહકાર બદલ વ્યક્તિગત રીતે અને સંસ્થા વતી હાર્દિક આભાર માનુ છું.

અંતમાં સંસ્થા વધુને વધુ પ્રગતિ સાધે અને સિધ્ધિના સર્વોચ્ચ શિખરો સર કરે તેવી હાર્દિક શુભેચ્છા સાથે વિરમુ છું.

**જયદિપસિંહ આઈ.ગોહિલ**
**પ્રમુખ**

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ., ગાંધીનગર

## વ્યવસ્થાપક મંડળનો અહેવાલ સને ૨૦૨૫-૨૦૨૬

૩૧ મી માર્ચ ૨૦૨૬ના રોજ પૂરા થતા આપણી સોસાયટીના ૪૫મા વર્ષનો અહેવાલ અને હિસાબો આપની સમક્ષ રજૂ કરતા અમો હર્ષ અને આનંદની લાગણી અનુભવીએ છીએ.

**સભાસદ સંખ્યા :૨૨૩૩**

તા.૩૧ મી માર્ચ ૨૦૨૫ના રોજ પુરા થતાં વર્ષના અંતે સોસાયટીની સભ્ય સંખ્યા ૨૨૦૦ હતી જેમાં વર્ષ દરમ્યાન કુલ ૧૦૬ નવા સભાસદોને પ્રવેશ આપવાથી કુલ સભ્ય સંખ્યા ૨૩૦૬ થવા પામેલ, જે પૈકી વર્ષ દરમ્યાન ૧ સભાસદના અવસાન થવાથી ૪૧ સભાસદો નિવૃત્ત થવાથી અને ૩૧ સભાસદોએ સ્વૈચ્છિક રાજીનામા આપવાના કારણે છૂટા થવાથી તા.૩૧મી માર્ચ ૨૦૨૬ ને અંતે કુલ સભાસદ ૨૨૩૩ રહેવા પામેલ છે.

**ધિરાણ :-**

સને ૨૦૨૫-૨૦૨૬ ના વર્ષ દરમ્યાન સોસાયટી દ્વારા ધિરાણ અને વસુલાત ક્ષેત્રે પ્રશંસનિય કામગીરી બજાવવામાં આવેલ છે. જે સોસાયટીના વ્યવસ્થાપક મંડળના સહિયારા પુરુષાર્થનું પરિણામ છે. સને ૨૦૨૪-૨૦૨૫ના વર્ષના અંતે સોસાયટીની ધિરાણ બાકી રૂા.૩૧,૫૭,૮૭,૯૪૦/- હતી જ્યારે સને ૨૦૨૫-૨૦૨૬ ના વર્ષ દરમ્યાન રૂા.૨૩,૬૭,૭૬,૨૦૦/- નું ધિરાણ કરેલ છે. આમ તા.૩૧ મી માર્ચ ૨૦૨૬ને અંતે કુલ ધિરાણ રૂા. ૫૫,૨૫,૬૪,૧૪૦/- થયેલ છે. જે પૈકી વર્ષ દરમ્યાન રૂા.૨૦,૬૨,૫૧,૭૫૦/- ની વસુલાત થયેલ છે. આમ તા.૩૧ મી માર્ચ ૨૦૨૬ના રોજ રૂા.૩૪,૬૩,૧૨,૩૯૦/- ધિરાણ બાકી રહે છે.

**બાંધી મુદત થાપણ :-**

તા.૦૯-૧૦-૨૦૧૯ થી સંસ્થામાં થાપણો સ્વિકારવાની શરૂ કરવામાં આવેલ હતી જેમાં ઉત્તરોત્તર વધારો થતાં તા.૩૧-૦૩-૨૦૨૬ ના રોજ થાપણ બાકી રૂા.૧૯,૪૧,૨૯,૮૩૬/- રહેવા પામેલ છે

**બચત, સ્પે. બચત, રીકરીંગ થાપણ અને સ્પે. રીકરીંગ થાપણ :-**

સને ૨૦૨૫-૨૦૨૬ ના વર્ષ દરમ્યાન બચત, સ્પે. બચત, રીકરીંગ થાપણ અને સ્પે. રીકરીંગ થાપણ ખાતામાં નાણાંનો પ્રવાહ સતત ચાલુ રહેવા પામેલ છે. જેને પરિણામે તા.૩૧-૩-૨૦૨૬ ના રોજ અનુક્રમે બચત ખાતામાં રૂા.૮૯,૯૦,૭૨૯/-, સ્પે. બચત ખાતામાં રૂા.૫,૦૫,૮૩,૯૬૯/-, રીકરીંગ ખાતામાં રૂા.૨૫,૩૧,૩૦૦/- અને સ્પે. રીકરીંગ ખાતામાં રૂા.૪૭,૭૯,૭૦૦/-મળી કુલ એકત્રિત બચત રૂા.૬,૬૮,૮૫,૬૯૮/- રહેવા પામેલ છે. આ માટે સોસાયટીમાં વિશ્વાસ અને શ્રધ્ધા સાથે બચત, રીકરીંગ અને થાપણ મુકનાર તમામ થાપણદારોનો વ્યવસ્થાપક મંડળ હાર્દિક આભાર માને છે.

**ફરજિયાત બચત (થ્રિફ્ટફંડ) પર વ્યાજ :-**

સને ૨૦૨૫-૨૦૨૬ ના વર્ષ દરમ્યાન જમા આવેલ થ્રિફ્ટ ફંડની રકમ પર વ્યવસ્થાપક મંડળ દ્વારા પેટા નિયમ-૫૬ (૨) ની જોગવાઈ મુજબ ૮.૫% વ્યાજની જોગવાઈ કરવામાં આવેલ છે.

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઇઝ કો.ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ., ગાંધીનગર

## શેર ડિવિડન્ડ

સને ૨૦૨૫-૨૦૨૬ ના વર્ષ દરમ્યાન વસુલ આવેલ તેમજ જમા બાકી રહેતા શેર ફાળાની રકમ પર વ્યવસ્થાપક મંડળ દ્વારા સહકારી કાયદાની જોગવાઇ અનુસાર ૧૨.૫% ડિવિડન્ડ ચુકવવાનું સુચવવામાં આવે છે.

## નફાની ફાળવણી

સને ૨૦૨૫-૨૦૨૬ ના વર્ષના અંતે રૂા. ૮૭,૩૧,૯૦૮.૭૪ નફો થવા પામેલ છે. જેની ફાળવણી નીચે મુજબ સુચવેલ છે.

| ક્રમ | વિગત | ટકા | રકમ રૂા. | રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | રીઝર્વ ફંડ | ૧૦ | ૮,૭૩,૧૯૧.૦૦ | |
| ૨ | શેર ડિવિડન્ડ (તા.૦૧-૦૪-૨૦૨૫થી તા.૩૧-૦૩-૨૦૨૬ દરમ્યાન વસુલ આવેલ અને જમા રહેલ શેર ભંડોળ પર) | ૧૨.૫ | ૨૧,૪૯,૬૪૮.૦૦ | |
| ૩ | ડિવિડન્ડ ઇક્વિલાઇઝેશન ફંડ (તા.૦૧-૦૪-૨૦૨૫થી તા.૩૧-૦૩-૨૦૨૬ દરમ્યાન વસુલ આવેલ શેર ભંડોળ પર) | ૧ | ૨૬, ૦૩૨.૭૪ | |
| ૪ | શિક્ષણ ફંડ | ૨.૫ | ૨,૧૮,૨૯૮.૦૦ | |
| ૫ | ડૂબત નિધિ ફંડ | ૧૫ | ૧૩,૦૯,૭૮૬.૦૦ | ૪૫,૭૬,૯૫૫.૭૪ |
| | બાકી વહેંચણીપાત્ર નફો | | | ૪૧,૫૪,૯૫૩.૦૦ |
| ૬ | સહકાર પ્રચારફંડ | | ૩,૬૬,૦૦૦.૦૦ | |
| ૭ | ધર્માદાફંડ | | ૫૦,૦૦૦.૦૦ | |
| ૮ | સભાસદ કલ્યાણ ફંડ | | ૩૭,૩૮,૯૫૩.૦૦ | ૪૧,૫૪,૯૫૩.૦૦ |
| | કુલ ફાળવણી | | | ૮૭,૩૧,૯૦૮.૭૪ |

## મહેસુલી અંદાજપત્ર સને ૨૦૨૬-૨૦૨૭

| આવક | રકમ રૂા. | જાવક | રકમ રૂા. |
|---|---|---|---|
| વ્યાજ આવક | ૩,૭૫,૦૦,૦૦૦/- | વ્યાજ ખર્ચ | ૨,૨૫,૦૦,૦૦૦/- |
| અન્ય આવક | ૪૦,૦૦,૦૦૦/- | વહીવટી તથા અન્ય ખર્ચ | ૯૦,૦૦,૦૦૦/- |
| | | નફો | ૧,૦૦,૦૦,૦૦૦/- |
| **કુલ** | **૪,૧૫,૦૦,૦૦૦/-** | **કુલ** | **૪,૧૫,૦૦,૦૦૦/-** |

વ્યવસ્થાપક મંડળ વતી,
**દિલીપકુમાર વી. દેસાઇ**
માનદમંત્રી

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઇઝ કો.ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ., ગાંધીનગર

## ચુંટણીની જાહેરાત અને કાર્યક્રમ

(૧) વ્યવસ્થાપક મંડળના વર્તમાન સભ્યો સર્વ (૧) સુશ્રી અરૂણાબેન આઇ. પટેલ (૨) સુશ્રી શ્રુતિબહેન પી. પટેલ (૩) શ્રી દિલીપકુમાર વી. દેસાઇ (૪) શ્રી હિતેન્દ્ર જે. પટેલ (૫) શ્રી જયદિપસિંહ આઇ.ગોહિલ પેટા નિયમની જોગવાઇ મુજબ ક્રમાનુસાર નિવૃત્ત થાય છે. આ પાંચ જગ્યા માટે તા.૨૨/૦૪/૨૦૨૬ ની બોર્ડ મીટીંગમાં નક્કી થયા મુજબ આગામી ૦૧/૦૬/૨૦૨૬ ને સોમવાર ના રોજ ચુંટણી યોજવામાં આવનાર છે. નિવૃત્ત થતાં વ્યવસ્થાપક મંડળના સભ્યો પણ ચુંટણીમાં ઉમેદવારી કરી શકશે.

(૨) મતદારયાદીમાં નોંધાયેલા હોય તે પૈકી કોઇ પણ સભ્ય ચુંટણીમાં ઉમેદવારી કરી શકશે.

(૩) ઉમેદવારી પત્રક માન્ય રાખવા કે રદ કરવા તેમજ ચુંટણી અંગેના કોઇપણ વિવાદ બાબતે ચુંટણી અધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૪) મતદારોએ મતદાન વખતે વિભાગ / કચેરી તરફથી આપવામાં આવેલ ઓળખપત્ર સાથે લાવવાનું રહેશે. ઓળખપત્ર કે અન્ય ઓળખ માટે પુરાવાઓ ન હોય તેવા સંજોગોમાં મતદાન કરવા દેવું કે કેમ? તે બાબતે ચુંટણી અધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૫) ઉમેદવારી પત્રક સાથે મતદાર યાદી રૂા.૨૫/- ની કિંમત ચુકવ્યેથી સોસાયટીના કાર્યાલયના સમય દરમ્યાન મળી શકશે.

(૬) ઉમેદવારી પત્રક સાથે રૂા.૨૫૦.૦૦ (રૂપિયા બસો પચાસ પુરા) ડીપોઝીટ તરીકે આપવાના રહેશે.

(૭) ચુંટણીમાં થયેલ કુલ મતદાનના ૧૦% કરતાં ઓછા મત મેળવનાર ઉમેદવારની ડીપોઝીટની રકમ જપ્ત થશે.

(૮) ચુંટણી અધિકારીની નિમણુંક અંગેની જાહેરાત સોસાયટીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવશે.

### ચુંટણી કાર્યક્રમ

| અ.નં. | કાર્યક્રમની વિગત | તારીખ | વાર | સમય | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧. | ઉમેદવારી પત્રકની વહેંચણી | ૧૧-૦૫-૨૦૨૬ ૧૪-૦૫-૨૦૨૬ | સોમવાર થી ગુરૂવાર | સવારના ૧૧ થી સાંજના ૫ સુધી | સોસાયટીનું કાર્યાલય |
| ૨. | ઉમેદવારી પત્રક ભરીને પરત કરવા અંગે | ૧૧-૦૫-૨૦૨૬ ૧૪-૦૫-૨૦૨૬ | સોમવાર થી ગુરૂવાર | સવારના ૧૧ થી સાંજના ૫ સુધી | સોસાયટીનું કાર્યાલય |
| ૩. | ઉમેદવારી પત્રકની ચકાસણી બાદ પ્રાથમિક યાદીની પ્રસિધ્ધિ | ૧૪-૦૫-૨૦૨૬ | ગુરૂવાર | સાંજના ૬-૧૫ કલાક | સોસાયટીના નોટીસ બોર્ડ ઉપર |
| ૪. | ઉમેદવારી પત્રક પરત ખેંચવા અંગે | ૧૫-૦૫-૨૦૨૬ ૧૬-૦૫-૨૦૨૬ | શુક્રવાર શનિવાર | સવારના ૧૧ થી સાંજના ૬ સુધી | સોસાયટીનું કાર્યાલય |
| ૫. | ઉમેદવારી પત્રકની ચકાસણી બાદની આખરી યાદીની પ્રસિધ્ધિ | ૧૬-૦૫-૨૦૨૬ | શનિવાર | સાંજના ૬-૧૫ કલાક | સોસાયટીના નોટીસ બોર્ડ ઉપર |
| ૬. | ગુપ્ત મતદાન દ્વારા ચુંટણી અને ચુંટણી સ્થળ | ૦૧-૦૬-૨૦૨૬ | સોમવાર | સવારના ૧૦ થી સાંજના ૬-૧૦ સુધી | સચિવાલય સંકુલ બ્લોક નં ૬ના ભોંયતળીયે. |
| ૭. | મત ગણતરી | ૦૧-૦૬-૨૦૨૬ | સોમવાર | સાંજના ૮ કલાક થી | જુના સચિવાલય કેન્ટીન |
| ૮. | વિધિસરના પરિણામની જાહેરાત | ૦૨-૦૬-૨૦૨૬ | મંગળવાર | સાંજના ૬-૧૫ કલાકે | ટાઉન હોલ, સેક્ટર - ૧૭ ગાંધીનગર |

તારીખ : ૨૨/૦૪/૨૦૨૬
સ્થળ : ગાંધીનગર.

વ્યવસ્થાપક મંડળ વતી,
**હિતેન્દ્ર જે. પટેલ**
ઉપપ્રમુખ

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઇઝ કો.ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ., ગાંધીનગર

## ગત સાધારણ સભાની કાર્યવાહી નોંધ

**તા.૧૧-૦૬-૨૦૨૫ને બુધવાર ના રોજ યોજાયેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી નોંધ**

આજ રોજ તા.૧૧-૦૬-૨૦૨૫ને બુધવારે સાંજે ૬-૧૫ કલાકે કડવા પાટીદાર સમાજ, ઉમિયા માતાજી સંસ્થાન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે સોસાયટીની વાર્ષિક સાધારણ સભા મળેલ જે નોન કોરમ થતાં અડધા કલાક બાદ એટલે કે ૬-૪૫ કલાકે પેટા નિયમ ૩૧ ની જોગવાઇ મુજબ તે જ સ્થળે સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું.

આજની સભામાં અધ્યક્ષ તરીકે સંસ્થાના પ્રમુખ સુશ્રી અરૂણા આઇ.પટેલ ના નામની દરખાસ્ત સંસ્થાના માનદમંત્રીશ્રી જસ્મિનકુમાર પી.કાવઠિયા દ્વારા કરવામાં આવી જેને સંસ્થાના ઉપપ્રમુખ સુશ્રી શ્રુતિબહેન પી.પટેલ દ્વારા ટેકો આપવામાં આવતાં સાધારણ સભાના અધ્યક્ષ તરીકે સુશ્રી અરૂણા આઇ.પટેલ ની સર્વાનુમતે વરણી કરવામાં આવી અને નીચે દર્શાવેલ કાર્યસૂચિ પ્રમાણે સભાની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

**ઠરાવનં.૧**

સોસાયટીના સ્વર્ગીય સભાસદ સર્વશ્રી (૧) સ્વ.બ્રિજેશ બી. નરવે (સ.ક્ર. ૩૨૩૮) ગુજરાત વિધાનસભા, (૨) સ્વ.અપૂર્વ જે. દવે (સ.ક્ર. ૩૪૬૦) ગુજરાત વિધાનસભા (૩) સ્વ.રમેશભાઇ એમ.ચૌધરી (સ.ક્ર. ૩૬૦૮) નાણાં વિભાગ (૪) સ્વ. હેતલકુમાર આર.પટેલ (સ.ક્ર. ૩૩૯૯) સામાન્ય વહીવટ વિભાગને આજની સભા શોકાંજલી અર્પણ કરે છે, અને તેઓના આત્માને શાંતિ મળે તે માટે બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલી પાઠવે છે.

**ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવનં. ૨**

આજની સામાન્ય સભામાં સોસાયટીના પેટા નિયમ પરિશિષ્ટ 'બ' ની જોગવાઇ પ્રમાણે તા.૧૦-૦૬-૨૦૨૫ને મંગળવારના રોજ વ્યવસ્થાપક મંડળના સભ્યોની થયેલ ચૂંટણીનું પરિણામ, મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી સન્નીકુમાર મોદી દ્વારા જાહેર કરવામાં આવ્યું જેને સાધારણ સભાએ સહર્ષ સ્વીકારી મંજૂરી આપી. ચુંટણી પરિણામ અને વિજેતા ઉમેદવારોની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | ઉમેદવારનું નામ | મેળવેલ મતો |
|---|---|---|
| ૧ | શ્રી વિશ્વજીતસિંહ ઘનશ્યામસિંહ ચૌહાણ | ૧૩૨૨ |
| ૨ | શ્રી સંદિપકુમાર બચુભાઇ બરંડા | ૧૩૦૫ |
| ૩ | સુશ્રી ખુશ્બુ દિનેશકુમાર પટેલ | ૧૨૬૫ |
| ૪ | શ્રી વિરેન કરમશીભાઇ દેસાઇ | ૧૨૦૬ |
| ૫ | શ્રી નાગરભાઇ માધાભાઇ વાણીયા | ૧૧૪૦ |

આમ ઉપર્યુક્ત પાંચ ઉમેદવારો પ્રથમ ક્રમે આવતા હોઇ વિજેતા જાહેર કરવામાં આવ્યા.

**ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૩**

આજની સભામાં સોસાયટીની ગત તા.૨૬-૦૬-૨૦૨૪ ને બુધવાર ના રોજ મળેલ સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લીધી, વિસ્તૃત ચર્ચાના અંતે મંજૂર રાખવાનું ઠરાવાયું.

**ઠરાવ સર્વાનુમતે મંજૂર**

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ., ગાંધીનગર

ઠરાવ નં.૪

(અ) આજની સભામાં સને ૨૦૨૪-૨૫ ના વર્ષના વાર્ષિક અહેવાલ તથા તા.૩૧-૦૩-૨૦૨૫ ના રોજ પૂર્ણ થતાં નાણાકિય વર્ષના હિસાબો વંચાણે લેવામાં આવ્યા અને મંજુર રાખવાનું ઠરાવાયું

(બ) માર્ચ-૨૦૨૫ અંતિત ચોખ્ખા નફાની ફાળવણી અંગે વ્યવસ્થાપક મંડળે કરેલ નીચે મુજબની નફાની ફાળવણી ને બહાલી આપવામાં આવી.

## નફાની ફાળવણી

**સને ૨૦૨૪-૨૦૨૫ ના વર્ષના અંતે રૂા.૮૫,૧૮,૫૫૪.૩૮ નફો થવા પામેલ છે. જેની ફાળવણી નીચે મુજબ સુચવેલ છે. ૧૨ સભ્યોએ ડિવિડન્ડ પર વ્યાજ ૧૫% સૂચવેલ**

| ક્રમ | વિગત | ટકા | રકમ રૂા. | રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | રીઝર્વ ફંડ | ૧૦ | ૮,૫૧,૮૫૫.૦૦ | |
| ૨ | શેર ડિવિડન્ડ (તા.૦૧-૦૪-૨૦૨૪થી તા.૩૧-૦૩-૨૦૨૫ દરમ્યાન વસુલ આવેલ અને જમા રહેલ શેર ભંડોળ પર) | ૧૨.૫ | ૧૯,૭૪,૮૭૬.૦૦ | |
| ૩ | ડિવિડન્ડ ઈક્વિલાઈઝેશન ફંડ (તા.૦૧-૦૪-૨૦૨૪થી તા.૩૧-૦૩-૨૦૨૫ દરમ્યાન વસુલ આવેલ શેર ભંડોળ પર) | ૧ | ૧૭૬૭૯.૩૮ | |
| ૪ | શિક્ષણ ફંડ | ૨.૫ | ૨,૧૨,૯૬૪.૦૦ | |
| ૫ | ડૂબત નિધિ ફંડ | ૧૫ | ૧૨,૭૭,૭૮૩.૦૦ | ૪૩,૩૫,૧૫૭.૩૮ |
| | બાકી વહેંચણીપાત્ર નફો | | | ૪૧,૮૩,૩૯૭.૦૦ |
| ૬ | સહકાર પ્રચારફંડ | | ૩,૬૯,૦૦૦.૦૦ | |
| ૭ | ધર્માદાફંડ | | ૫૦,૦૦૦.૦૦ | |
| ૮ | સભાસદ કલ્યાણ ફંડ | | ૩૭,૬૪,૩૯૭.૦૦ | ૪૧,૮૩,૩૯૭.૦૦ |
| | **કુલ ફાળવણી** | | | **૮૫,૧૮,૫૫૪.૩૮** |

**ઠરાવ બહુમતિથી મંજૂર**

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઇઝ કો.ઓપરેટીવ ન્યુ ક્રેડીટ સોસાયટી લિ., ગાંધીનગર

**ઠરાવ નં.૫**

આજની સભામાં વાર્ષિક વહીવટી અહેવાલના પાના નં.૯ ઉપર દર્શાવેલ આગામી સને ૨૦૨૫-૨૬ ના વર્ષનું મહેસુલી અંદાજપત્ર વંચાણે લેવામાં આવ્યું અને વિસ્તૃત ચર્ચાને અંતે મંજૂર રાખવાનું ઠરાવાયું.

**ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૬**

આજની સભામાં વાર્ષિક વહિવટી અહેવાલના પાના નં. ૧૫ પરનાં સૂચિત પેટા નિયમમાં સુધારા વંચાણે લેવામાં આવ્યા અને પેટા નિયમ ૪૦(૨), ૪૮(ક) અને ૪૮(ફ)(૫)(નવો) સુધારા માટે સાધારણ સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યા. વિસ્તૃત ચર્ચાને અંતે ૪૮(ફ)(૫)(નવો) નામંજૂર રાખવાનું, જ્યારે બાકી બે પેટાનિયમ-૪૦(૨) અને ૪૮(૬) અંગેની સંમતિ આપવામાં આવતા તે મુજબ સુધારા કરવાનું ઠરાવાયું.

ઉપરોક્ત સુધારા પૈકી પેટાનિયમ -૪૮(ફ)(૫) બાબતે કીર્તિ એલ.પટેલ સભાસદ ક્રમાંક ૪૩૨૭ તથા શ્રી જૈમિન જે.પટેલ સભાસદ ક્રમાંક ૪૩૩૫ દ્વારા હાલમાં જરૂર જણાતી ન હોઇ આગામી સમયમાં વધારે સ્પષ્ટતા સાથે મિલકત ફંડ બાબતે પેટા-કાયદામાં સુધારો રજુ કરવા સૂચન કરવામાં આવ્યું.

**પેટા નિયમોમાં સુચિત સુધારાઓ**

| પેટા કાયદા નંબર | ચાલુ પેટાકાયદો | પેટાકાયદામાં સુધારો | કારણ |
|---|---|---|---|
| ૪૦(૨) | સાધારણ સભાએ મંજુર કરેલ ધિરાણની મર્યાદામાં આકસ્મિક ધિરાણ રૂા. ૫,૦૦૦/- અને ખાસ ધિરાણ રૂા. ૫૦,૦૦૦/- ની મહત્તમ મર્યાદામાં વ્યવસ્થાપક સમિતિની મુનસફી પ્રમાણે ધિરાણ મંજુર કરી શકાશે. પરંતુ કુલ ધિરાણની મર્યાદા રૂા. ૮,૦૦,૦૦૦/- થી વધવી જોઇએ નહી.(૨૦-૦૭-૨૦૧૮) | સાધારણ સભાએ મંજુર કરેલ ધિરાણની મર્યાદામાં આકસ્મિક ધિરાણ રૂા. ૨૦,૦૦૦/- અને ખાસ ધિરાણ રૂા. ૫૦,૦૦૦/- ની મહત્તમ મર્યાદામાં વ્યવસ્થાપક સમિતિની મુનસફી પ્રમાણે ધિરાણ મંજુર કરી શકાશે. પરંતુ કુલ ધિરાણની મર્યાદા રૂા.૮,૦૦,૦૦૦/- થી વધવી જોઇએ નહી. | આકસ્મિક ધિરાણની મર્યાદામાં વધારો કરવાના આશયથી |
| ૪૮(ક) | શેર ઉપર દર વર્ષે દર સેકડે ૧૫ ટકાથી વધુ નહી અથવા ગુજરાત સહકારી મંડળીના અધિનિયમની કલમ-૬૮ અન્વયે જે નક્કી કરવામાં આવે તે દરની મર્યાદામાં ડિવિડન્ડ વહેંચવામાં આવશે. | શેર ઉપર દર વર્ષે દર સેકડે ૨૦ ટકાથી વધુ નહી અથવા ગુજરાત સહકારી મંડળીના અધિનિયમની કલમ-૬૮ અન્વયે જે નક્કી કરવામાં આવે તે દરની મર્યાદામાં ડિવિડન્ડ વહેંચવામાં આવશે. | સહકારી કાયદામાં થયેલ સુધારા અન્વયે |
| ૪૮(ફ)૫ | નવો | પ્રતિ સહકાર વર્ષના અંતે બાકી રહેતા નફા પર વ્યવસ્થાપક મંડળ નક્કી કરે તેટલી રકમ મિલકત ફંડ ખાતે ફાળવી શકાશે. | ભવિષ્યમાં સંસ્થાની મિલકત વસાવવા માટેનું ફંડ ઉભુ કરવાના આશયથી. |

સૂચિત -૪૮(ફ)(૫) નામંજૂર કરવા ઠરાવાયુ જ્યારે બાકીના બન્ને સુધારાઓ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા.

**ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૭**

આજની સભામાં સંસ્થાના સભાસદોને વર્ષ ૨૦૨૫-૨૬ના વર્ષના નફા માંથી આપવામાં આવતી ભેટ સહકારી કાયદાની મર્યાદામાં આપવી તેમ ઠરાવાયું.

**ઠરાવ સર્વાનુમતે મંજૂર**

**ઠરાવ નં.૮**

આજની સભામાં સોસાયટીના સને ૨૦૨૪-૨૫ ના વર્ષના આંતરીક હિસાબો અને વાર્ષિક અન્વેષણ માટે વ્યવસ્થાપક મંડળ દ્વારા નિમવામાં આવેલ ઓડીટરશ્રી જયદેવ પરમાર એન્ડ કું. ની નિમણૂંકને બહાલી આપવામાં આવી અને આગામી વર્ષ ૨૦૨૫-૨૬ માટે આંતરિક અન્વેષકની નિમણૂંક કરવાની સત્તા વ્યવસ્થાપક મંડળને સોંપવાનું ઠરાવાયું.

**ઠરાવ સર્વાનુમતે મંજુર**

**ઠરાવ નં.૯**

આજની સભામાં સમગ્ર વર્ષ દરમિયાન સંસ્થાના ધિરાણની વસૂલાત માટે સચિવાલયના વિવિધ વિભાગો અને કચેરીઓના રોકડ શાખાના અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ અને કેશીયરશ્રીઓ નો સોસાયટીને મળેલ સહકાર બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

**ઠરાવ સર્વાનુમતે મંજુર**

**ઠરાવ નં.૧૦ પ્રમુખ સ્થાનેથી, સભાના અધ્યક્ષની મંજૂરીથી**

૧૦.૧ (અ) જયરાજસિંહ વાઢેર સ.ક્રમાંક ૫૪૫૪ દ્વારા સંસ્થાના સભાસદોના હીતાર્થે તથા સોસાયટીની આવક વધે તે હેતુથી નોટબુક્સ કે સ્ટેશનરી વિતરણ, સીઝનલ અનાજનું વિતરણ જેવી કામગીરી થકી સંસ્થાની આવક વધે અને સભાસદોને ફાયદો થાય તેવા પ્રયાસો કરવા જણાવેલ. જેના અનુસંધાને પ્રમુખશ્રી દ્વારા આપણી સંસ્થાની મુખ્ય કામગીરી નાણાકીય હોઈ તેમજ ઉપરોક્ત કામગીરી માટે જગ્યા તેમજ સ્ટાફની વધારે જરૂરીયાત રહેતી હોઈ આગામી સમયમાં આ બાબતે બોર્ડ વિચારણામાં લેશે તેમ જણાવ્યું.

(બ) સંસ્થા દ્વારા ઉપાર્જીત થતી આવકમાંથી મોટો ભાગ એડીસી બેંકની લોન તેમજ વ્યાજ ભરપાઈ કરવામાં વપરાય છે જેના કારણે સભ્યોને અપાતી લોનની રકમ વધારો કે વ્યાજદર ઘટાડી શકાતો નથી, આ અંગે પ્રમુખશ્રી દ્વારા જણાવવામાં આવેલ કે હાલમાં સંસ્થા દ્વારા એડીસી પાસેથી ઊછીના નાણા વધારે વ્યાજથી લઈ વાપરવામાં આવતા નથી, તેથી કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી,

**ઠરાવ સર્વાનુમતે મંજુર**

૧૦.૨ યુવરાજસિંહ ચાવડા સ.ક્રમાંક ૪૫૫૦ દ્વારા પેટા નિયમ ૪૮(ફ)૪(ડ)(૨) બાબતે રૂા.૭,૦૦,૦૦૦ ની રકમ સરખા ભાગે વહેંચવાના બદલે સભાસદોની સંમતી મેળવીને સંમતી આપેલ સભાસદો પાસેથી સરખાભાગે

એકત્ર કરવા સૂચન કરેલ, જે અંગે પ્રમુખશ્રી દ્વારા ઉકત પેટા-નિયમ સાધારણ સભાની મંજૂરીથી અમલમાં મૂકેલ હોઇ વ્યક્તિગત સંમતી મેળવવાની જરૂરીયાત રહેતી નથી, તેવુ જણાવેલ.

વધુમાં, તેઓની અરજીમાં જણાવ્યા મુજબ, પ્રતિ વર્ષના અંતે બાકી રહેતા નફા પર મહત્તમ ૫% ની મર્યાદામાં અલગ આકસ્મિક મૃત્યુ સહાય ફંડ શરૂ કરવા બાબતે સૂચન કરેલ તેમજ નફાની ફાળવણીમાં ધર્માદા અને સહકાર પ્રચાર ફંડમાં માત્ર રૂા.૧૦૦૦- ની એમ કુલ રૂા.૨૦૦૦/- ની ફાળવણી કરવા સૂચન કરેલ, જે અંગે પ્રમુખશ્રી દ્વારા સંસ્થાના સભાસદ કલ્યાણ ફંડમાં ૯૦% રકમ વધુમાં વધુ ફાળવી શકાતી હોવાનું તથા બાકી વધેલ રકમ ધર્માદા અને સહકાર પ્રચાર ફંડ માટે ફાળવવું જરૂરી હોઇ પેટા નિયમો મુજબ સમજૂતી આપી.

૧૦.૩ સુશ્રી તેજસ્વીની પટેલ, સભાસદ ક્રમાંક : ૪૦૮૭ દ્વારા ગ્રુપ ટર્મ પ્લાન લેવા બાબતે બેંકો સાથે વાટધાટો કરવા સસ્તા પ્રીમિયમનો સભાસદોને લાભ મળે તેવું સૂચન કરવામાં આવેલ. આ અંગે પ્રમુખશ્રી દ્વારા અગાઉ બોર્ડ દ્વારા અલગ-અલગ બેંકો સાથે કરવામાં આવેલ પ્રયાસોની વિસ્તૃત માહિતી આપી ગ્રુપ ઇન્સ્યોરન્સ કે ટર્મ પ્લાન લેવામાં અનુભવેલ વિવિધ મુશ્કેલીઓ અને ઊભા થયેલ પ્રશ્નો અંગે સભાસદો અને સભાને માહિતગાર કરવામાં આવ્યા અને સૂચનનો પ્રત્યુત્તર આપવામાં આવ્યો.

**ઠરાવ સર્વાનુમતે મંજુર**

૧૦.૪ શ્રી સાવન રૈયાણી, સભાસદ ક્રમાંક : ૫૧૭૯ દ્વારા સભસદોને આપવામાં આવતા ધિરાણ લેવાની જરૂરીયાત મુજબ લોન આપવામાં અગ્રતાની પ્રથા દાખલ કરવા તેમજ ધિરાણ ન લેતા સભાસદોને અન્ય બીજા લાભો આપવા સૂચન કરેલ. જે અન્વયે પ્રમુખશ્રી દ્વારા ધિરાણ અંગે હાલમાં જ મકાન રિપેરીંગ કે બાંધકામ, ખરીદી બાબતે યોગ્ય આધાર-પુરાવાની પ્રથા વ્યાજ-મુદ્દલ સર્ટીફિકેટ માંગવામાં આવ્યેથી રજુ કરવાનો નિર્ણય કરેલ તેની માહિતી આપી.

**ઠરાવ સર્વાનુમતે મંજુર**

અન્ય કોઇ કામગીરી બાકી ન રહેતાં સંસ્થાના ઉપપ્રમુખ સુશ્રી શ્રુતિબહેન પી.પટેલ દ્વારા હાજર રહેલા સભાસદો, વ્યવસ્થાપક મંડળ, સંસ્થાના મેનેજર, કર્મચારી ગણ, ચૂંટણી અધિકારી તથા ઉમિયામાતા સંસ્થાનનો આભાર માનવામાં આવ્યો અને સભાની કાર્યવાહી પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી

**અરૂણા આઇ.પટેલ**
પ્રમુખ

**જસ્મિનકુમાર પી.કાવઠિયા**
માનદમંત્રી

# ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓપરેટીવ
# ન્યુ ક્રેડીટ સોસાયટી લિ., ગાંધીનગર

## ૨૦૨૫-૨૦૨૬ ના વર્ષના થ્રિફ્ટફંડ વ્યાજ, શેર ડિવિડન્ડની ચુકવણી અંગેની જાહેરાત

**આથી તમામ સભાસદ મિત્રોને જણાવવાનું કે, સને ૨૦૨૫-૨૦૨૬ ના વર્ષનું થ્રિફ્ટફંડ વ્યાજ તથા શેર ડિવિડન્ડની રકમ સભાસદ મિત્રોના સ્પે. બચતખાતામાં તા.૧૦/૦૭/૨૦૨૬ ના રોજ જમા આપવામાં આવશે ત્યારબાદ સભાસદ ઈચ્છે ત્યારે પોતાના સ્પે. બચત ખાતામાંથી રકમ ઉપાડી શકશે.**

### અગત્યની સુચના

(૧) સને ૨૦૨૫-૨૦૨૬ના વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો પૈકી **કોઈ મુદ્દા અંગે સાધારણ સભામાં સ્પષ્ટતા મેળવવા ઈચ્છતા સભાસદ મિત્રોએ, સાધારણ સભામાં યોગ્ય ખુલાસો થઈ શકે તે માટે મુદ્દાઓની અગાઉથી લેખિતમાં જાણ બે નકલમાં ૨૫/૦૫/૨૦૨૬ સુધીમાં કાર્યાલયમાં કરવાની રહેશે અન્યથા પ્રમુખશ્રીની મંજુરીથી પ્રશ્નો પુછી શકાશે.**

(૨) વાર્ષિક હિસાબો, સરવૈયા અને નફા-નુકશાન ખાતાને સંબંધિત પ્રશ્નો અલગ-અલગ કાગળ પર આપવાના રહેશે.

(૩) સને ૨૦૨૫-૨૦૨૬ના વર્ષના વાર્ષિક અહેવાલની નકલ સાધારણ સભામાં અવશ્ય સાથે લાવવા વિનંતી છે.

(૪) તા.૩૧/૦૩/૨૦૨૬ સુધીના શેર સર્ટીફીકેટ તૈયાર છે. જે સંસ્થાના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી છે.

(૫) સને ૨૦૨૭ ના વર્ષના કેલેન્ડર રોકડેથી ખરીદ કરવા ઈચ્છતા સભાસદે ડીસેમ્બર-૨૦૨૬ ના માસમાં સંસ્થામાં રૂબરૂ સંપર્ક કરવા અને કેલેન્ડરની નક્કી કરેલ રકમ ભરી દેવા વિનંતી છે.

### અગત્યની નોંધ

આથી સર્વે સભાસદ મિત્રોને જણાવવાનું કે, સહકારી કાયદાની જોગવાઈ અન્વયે દરેક સભાસદે છેલ્લી પાંચ સાધારણ સભામાંથી કોઇ પણ બેમાં હાજર રહેવું ફરજીયાત છે. જો એમ ન થાય તો તે સભ્ય પદેથી દૂર થવાને પાત્ર થાય છે.

વ્યવસ્થાપક મંડળ વતી,

**ધ્રુવરાજસિંહ ડી.જાડેજા**

સહમંત્રી

| પેટા કાયદા નંબર | ચાલુ પેટાકાયદો | પેટાકાયદામાં સુધારો | કારણ |
|---|---|---|---|
| ૩૩ | પેટા નિયમ અને સાધારણ સભામાં પસાર કરેલા ઠરાવોને પાત્ર રહીને મંડળીનું કામકાજ કરવાની પૂર્ણ સત્તા અને જવાબદારી વ્યવસ્થાપક સમિતિની રહેશે. કામનો નિકાલ કરવા સારુ વ્યવસ્થાપક સમિતિની બેઠક દર મહીને ઓછામાં ઓછી એકવાર બોલાવવાની રહેશે સાત સભાસદનું કોરમ થશે. | પેટા નિયમ અને સાધારણ સભામાં પસાર કરેલા ઠરાવોને પાત્ર રહીને મંડળીનું કામકાજ કરવાની પૂર્ણ સત્તા અને જવાબદારી વ્યવસ્થાપક સમિતિની રહેશે. કામનો નિકાલ કરવા સારુ વ્યવસ્થાપક સમિતિની બેઠક દર મહીને ઓછામાં ઓછી એકવાર બોલાવવાની રહેશે ૮(આઠ) સભાસદનું કોરમ થશે. | પેટા નિયમ ૩૨ તથા ૩૩ ની વિસંગતતા દુર કરવા માટે. |
| ૪૦ | કોઇપણ સભાસદને તેણે ધારણ કરેલા શેરની રકમના ૪૦ ગણા સુધી વ્યવસ્થાપક સમિતિ વખતો વખત ઠરાવે તે પ્રમાણે ધિરાણ કરી શકાશે પરંતુ તે ધિરાણની મહત્તમ મર્યાદા રૂા. ૮,૦૦,૦૦૦/- થી વધવી જોઇએ નહી. તેમજ જે કરજદાર ખાતે રૂા. ૭,૫૦,૦૦૦/- થી વધુ ધિરાણ બાકી રહેતુ હશે તેને કોઇપણ સંજોગોમાં ખાસ ધિરાણ મળવાપાત્ર રહેશે નહી. | કોઇપણ સભાસદને તેણે ધારણ કરેલા શેરની રકમના ૪૦ ગણા સુધી વ્યવસ્થાપક સમિતિ વખતો વખત ઠરાવે તે પ્રમાણે ધિરાણ કરી શકાશે પરંતુ તે ધિરાણની મહત્તમ મર્યાદા રૂા. ૧૫,૦૦,૦૦૦/- થી વધવી જોઇએ નહી. તેમજ જે કરજદાર ખાતે રૂા. ૧૪,૦૦,૦૦૦/- થી વધુ ધિરાણ બાકી રહેતુ હશે તેને કોઇપણ સંજોગોમાં ખાસ ધિરાણ મળવાપાત્ર રહેશે નહી. | સભાસદોની વધતી આર્થિક જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને. |
